# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક ત્રીજો માળ,અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:*suratdeo@gmail.com*


ક્રમાંકઃ RMSA /વોકેશનલ દરખાસ્ત /૨૦૨૩/ 17967-17976 તા. ૧૭/૧૦/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,

મોડેલ,RMSA,સરકારી અને ગ્રાન્ટેડ,

માધ્યમિક અને ઉ.મા શાળાઓ-તમામ,

જિલ્લો-સુરત .

વિષય: વર્ષ-૨૦૨૪-૨૫ માટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વ્યવસાયલક્ષી શિક્ષણ શરુ કરવા માટેની દરખાસ્તો મોકલવા બાબત.

સંદર્ભ: સમગ્ર શિક્ષા કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંક:નં.એસ.એસ.એ./એ.આર.એન્ડ.વી.ઈ/૨૦૨૩/૪૯૬૯૨-૭૫૮. તા.13/૧૦/૨૦૨૩.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સમગ્ર શિક્ષા ગાંધીનગર દ્વારા વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત (NEP-૨૦૨૦) રાજ્યની માધ્યમિક અને ઉ.મા શાળાઓમાં જેમાં ધો ૯ થી ૧૨ ધોરણ માં શિક્ષણ કાર્ય થઇ રહ્યું છે.આવી તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓને વોકેશનલ વિષયનું શિક્ષણ પૂરું પડી શકે તે માટે PSSCIVE ભોપાલ દ્વારા તૈયાર કરવામાં આવેલ ૬૭ વોકેશનલ વિષયની યાદી અને દરખાસ્ત ફોર્મ મોકલી આપવામાં આવે છે.જિલ્લાની માધ્યમિક અને ઉ.મા શાળાઓમાં ધોરણ ૯ માં ૪૦ કે તેથી વધુ સંખ્યા ધરાવતી તમામ શાળાઓ માં એક(૧) વોકેશનલ ટ્રેડ અને ૮૦ કે તેથી વધુ સંખ્યા ધરાવતી શાળાઓમાં બે(૨) વોકેશનલ ટ્રેડ મળવા પાત્ર છે. તો આવી તમામ શાળાઓને શાળાના લેટરપેડ ઉપર દરખાસ્ત અત્રેની કચેરીએ ૨૭/૧૦/૨૦૨૩ સુધી જોષી જીતેન્દ્રભાઈને મોકલવાની રેહશે .વોકેશનલ ટ્રેડની દરખાસ્ત કરતી વખતે નીચે મુજબની બાબતો ધ્યાને લેવાની રહેશે.

- ધો-૯ માં ૪૦ કે તેથી વધુ નામાંકન હોવું જોઈએ.
- બે ટ્રેડ લેવા માંગતી શાળાઓ માટે ધો-૯ માં ૮૦ કે તેથી વધુ નામાંકન હોવું જોઈએ.
- શાળા પાસે વોકેશનલ ટ્રેડના પ્રાયોગિક કાર્ય કરવા માટે એક અલગ રૂમની વ્યવસ્થા હોવી જોઈએ.
- સ્થાનિક જરૂરિયાત મુજબ વોકેશનલ વિષયની પસંદગી કરી શકાશે.
- અનુદાનિત શાળાએ દરખાસ્ત સાથે ટ્રસ્ટી મંડળની ઠરાવની નકલ અને ફોરવર્ડીંગ પત્ર મોકલી આપવાનો રહેશે.
- વોકેશનલ વિષયમાં રસ ધરાવનાર વિદ્યાર્થીઓની યાદી દરખાસ્તમાં રજુ કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.-સુરત

બીડાણ: દરખાસ્ત ફોર્મ,ગાઈડલાઈન અને વોકેશનલ વિષયની યાદી.

નકલ સવિનય રવાના જાણ સારૂ:-

-માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,સમગ્ર શિક્ષાની કચેરી, સેક્ટર-૧૭,ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- પ્રતિ EI/ AEI તમામ સદર કચેરી તરફ જાણ તથા શાળાઓમાં અમલવારી કાર્યવાહી કરાવવા સારૂં.
- પ્રતિ BRC / CRC/BRP તમામ સુરત જિલ્લાના ની તમામ શાળાઓમાં કાર્યવાહી કરાવવા સારૂં.
- પ્રતિ SMC સમગ્ર શિક્ષા સુરત URC / BRP તમામ સુરત શહેરની તમામ શાળાઓમાં કાર્યવાહી કરાવવા સારૂં.

જયશ્રી દેવાંગન, IAS
એડી.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭,
ગાંધીનગર.-૩૮૨૦૧૦

ક્રમાંક:એસએસ/એઆરએન્ડવીઇ/૨૦૨૨/[illegible] તા.૨૩/૫/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
સમગ્ર શિક્ષા
જિલ્લા: તમામ

**વિષય : વર્ષ ૨૦૨૪-૨૫ માટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વ્યવસાયલક્ષી શિક્ષણ શરુ કરવા માટેની દરખાસ્તો મેળવવા બાબત**

**સંદર્ભ: સમગ્ર શિક્ષા ગાઈડલાઈન (વર્ષ ૨૦૧૮) અને NEP (વર્ષ ૨૦૨૦)ની ગાઈડલાઈન**

શ્રીમાન,

ઉકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સમગ્ર શિક્ષા ગુજરાત અંતર્ગત વર્ષ-૨૦૧૭ થી ૨૦ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી અને અનુદાનિત શાળાઓમાંથી શરુ કરેલ. હાલનાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ – ૨૦૨૪ માં ૩૩ જિલ્લાઓ અને ૪ કોર્પોરેશનમાં અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક માં મળીને કુલ ૧૧૬૮ શાળાઓમાં વોકેશનલ ટ્રેનર્સ દ્વારા ૮૬૬૭૫ જેટલા વિદ્યાર્થીઓ જુદા જુદા ૧૫ ટ્રેડમાં વોકેશનલ વિષયોનો અભ્યાસ કરી રહ્યા છે. "NSQF" (નેશનલ સ્કીલ ક્વોલીફીકેશન ફ્રેમવર્ક) ની ગાઇડલાઇન મુજબ Pandit Sundarlal Sharma Central Institute of Vocational Education (PSSCIVE) ભોપાલ દ્વારા નિયત કરવામાં આવેલ વોકેશનલ કોર્સિસ તેમજ આ માટેના અભ્યાસક્રમ અને પુસ્તકોનું નિર્માણ કરી આ ક્ષેત્રના વોકેશનલ ટ્રેનરની પસંદગીની લાયકાતો તેમજ વોકેશનલ ટ્રેનરની તાલીમ જેવી બાબતો PSSCIVEના તજજ્ઞો દ્વારા આયોજન કરવામાં આવે છે.

ઉપરોક્ત વિગતોને ધ્યાને લઇ રાજ્યમાં National Education Policy -**2020** (NEP)ની ગાઈડલાઈન અન્વયે વર્ષે ૨૦૨૫ સુધીમાં ૫૦ % વિદ્યાર્થીઓને વોકેશનલ વિષય અંતર્ગત લેવાનું લક્ષ્યાંક આપવામાં આવેલ છે. આ અન્વયે દરેક જિલ્લા ને સુચિત કરવામાં આવે છે કે પોતાનાં જિલ્લા ની વોકેશનલ વિષયો માંથી બાકી રહેલ દરેક સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા(જેમાં ધો ૯ માં ઓછામાં ઓછું

૪૦ જેટલા બાળકોનું નામાંકન છે) માં વોકેશન વિષયો શરૂ કરવા માટે તારીખ ૨૦ ઓક્ટોબર અથવા તેથી પહેલા, તેમનાં આચાર્યશ્રીઓ સાથે ઓનલાઇન અથવા ઓફ્લાઈન મિટીંગ નું આયોજન કરી તેની જાણ રાજ્ય કચેરી ને કરવાની રહેશે. જે મિટીંગમાં બિડાણ-૧ અને બિડાણ-૨ ની ચર્ચા કરવાની રહેશે.

બિડાણ-૧ માં રાજયની સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કે જેમાં ધોરણ ૯ થી ૧૨માં શિક્ષણકાર્ય થઇ રહ્યું છે આવી તમામ શાળાઓને પોતાના વિદ્યાર્થીઓને વોકેશનલ વિષયનું શિક્ષણ પુરું પાડી શકે તે માટે PSSCIVE, Bhopal દ્વારા તૈયાર કરવામાં આવેલ ૬૭ વોકેશનલ વિષયોની યાદી આ સાથે સામેલ છે. આ યાદી અત્રેથી આપને મોકલી આપવામાં આવે છે જે આપના જિલ્લા / કોર્પોરેશન વિસ્તારની તમામ સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઇ-મેઇલ તેમજ પત્ર મારફ્ત મોકલી આપશો. આ વિષયો શરુ કરવા માટે શાળા એ ધ્યાને લેવાની બાબતોઃ

- આપેલ ૧૫ વિષય માંથી તમારી શાળા ની આસપાસ કયા વિષયની રોજગારી ની તકો વધુ છે
- આપેલ ૧૫ વિષય માંથી તમારી શાળા ની આસપાસ કયા વિષયનાં શિક્ષકો મળી રહે તેમ છે.
- આ વિષય વિદ્યાર્થીની આવડત ને વધારવામાં મદદરૂપ છે. તેથી તમારી શાળા માં આવતાં વિદ્યાર્થીઓ ને ધોરણ ૧૨ પછી કઇ સ્કિલ ની સૌથી વધુ આવશ્યકતા છે. તે ધ્યાને લઇ ને વિષય ની પસંદગી કરવી.

તેમજ આ વિષયો પૈકી શાળા જે વિષય શરૂ કરવા ઇચ્છતી હોય અને તેના વિશે વધુ માર્ગદર્શનની જરૂર હોય તો તેમણે જિલ્લા કચેરીનો અથવા રાજ્ય કચેરીના ૯૮૯૮૨૬૭૩૮૯ નંબર પર સંપર્ક કરવાનો રહેશે. બિડાણ-૨ માં વોકેશનલ વિષય માટે આ સાથે સામેલ ગાઇડલાઇન અને ફોર્મેટ મુજબ સબંધિત જિલ્લા કચેરીને શાળાના લેટરપેડ ઉપર દરખાસ્ત ( અનુદાનિત શાળા ટ્રસ્ટીમંડળ ના ઠરાવ સાથેની દરખાસ્ત) કરી મોકલી આપવા માટે શાળાઓના આચાર્યશ્રીઓને ઇ-મેઇલ તેમજ પત્ર મારફત જાણ કરશો. જેની વિગતોને ધ્યાને લઇ આપના જિલ્લાની તમામ શાળાઓ કે જેમાં ધો ૯ માં ઓછામાં ઓછું 30 જેટલા બાળકોનું નામાંકન છે તેવા વિદ્યાર્થીઓવાળી સરકારી અને અનુદાનિત શાળાઓના આચાર્યોને આ સાથે મોકલી આપવામાં આવેલ વોકેશનલ એજ્યુકેશનની ગાઈડલાઈન મોકલી આપશો. જે શાળાઓમાં એક ટ્રેડ મંજુર છે અને બીજાટ્રેડમાટે દરખાસ્ત કરવાની તકમળે તેમાટે આવે તમામ શાળાઓને પણ દરખાસ્ત કરવામાંટેની જાણકરી સમય મર્યાદામાં દરખાસ્ત થાય તેમાટે જરૂરી ફોલોઅપ જિલ્લા વોકેશનલ કો.ઓ શ્રીએ કરવાનુ રહેશે. જે શાળામાં ધોરણ ૯ માં ૮૦ કે વધુ નામાંકન હોય તેવી શાળાઓ દરખાસ્ત કરી શકશે. દરખાસ્ત કરનાર નવી અને જુની તમામ શાળાઓ પાસે વોકેશનલ એજ્યુકેશન માટે અલાયદો રૂમ હોય તે અનિવાર્ય બાબત છે. આ વિગતો દરેક જિલ્લાઓએ ધ્યાને લેવી.

જે સરકારી શાળાઓ પાસે વધારાનો એક રૂમ ઉપલબ્ધ હોય તો તેઓ સ્થાનિક જરૂરિયાત મુજબ એક વોકેશનલ ટ્રેડની પસંદગી કરી શકશે. જે શાળાઓ પાસે ધોરણ ૯માં ૪૦ કે તેથી વધુ નામાંકન હોય પરંતુ વધારાનો એક રૂમ ઉપલબ્ધન હોય તો શાળાઓ જિલ્લાને શાળામાં વોકેશનલ અંતર્ગત લેબોરેટરી રુમ ફાળવણી અંગે નાણાંકિય દરખાસ્ત કરી શકે છે. જે પણ શાળા લેબોરેટરી રુમ ન હોવાથી બીજો ટ્રેડન શરૂ કરી રહી હોય તે પણ લેબોરેટરી રુમ ની માંગ કરી ૮૦ વિદ્યાર્થીઓ સાથે બીજો ટ્રેડ ની દરખાસ્ત કરી શકે છે.

રાજ્ય કચેરી દ્વારા જુદા -જુદા ૧૫ ટ્રેડના વિડિયો અને પીપીટી દરેક શાળાને ઇમેઇલ મારફત મોકલવાના રહેશે. તેમજ દરખાસ્તમાટેની તમામ શાળાઓને સમજ મળે તે માટે દરેક જિલ્લામાં મિટિંગનુ આયોજન કરી દરખાસ્ત પ્રક્રિયા અને ટ્રેડ પસંદગી તેમજ નાણાકિય જોગવાઇ અને ગાઇડ લાઇનની સમજ આપવાની રહેશે.

વધુમાં, National Education Policy -2020 (NEP)ની ગાઈડલાઈન અન્વયે વર્ષે ૨૦૨૫ સુધીમાં ૫૦ % વિદ્યાર્થીઓને વોકેશનલ વિષય અંતર્ગત લેવાનું લક્ષ્યાંક આપવામાં આવેલ છે. NEPની ગાઈડલાઈન અન્વયે આપના જિલ્લાની શાળાઓમાં વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત આગામી ૪ વર્ષની કાર્ય યોજના અત્રે 01.11.2023 સુધીમાં રાજ્ય કચેરીને મોકલી આપશો.

એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા

બિડાણ :

(૧) વોકેશનલ વિષયની યાદી

(૨) ધોરણ -૯ માં ૪૦ કે તેથી વધુ નામાંકનવાળી શાળાઓની યાદી

(૩) વોકેશનલ એજ્યુકેશનની માહિતી ( ડીઈઓશ્રી/શાળાઓ માટે)

(૪) વોકેશનલ એજ્યુકેશન વિષયની વિગતો ( શાળા અને વિદ્યાર્થીઓ માટે)

નકલ રવાના :

૧.જિલ્લા પ્રોજેક્ટ કો.ઓ અને એ.ઓ શ્રી તમામ

૨. જિલ્લા એઆર &વીઇ કો.ઓ શ્રી અને સેકન્ડરી કો.ઓશ્રી તમામ

# સમગ્ર શિક્ષા ગુજરાત

## વોકેશનલ વિષય (શાળા) દરખારત ફોર્મ વર્ષ-૨૦૨૪-૨૫

શાળા કક્ષાનુ દરખાસ્ત ફોર્મ

1. જિલ્લો/કોર્પોરેશન .....................તાલુકો.............................ક્લસ્ટર.................................
2. શાળાનો પ્રકાર = ખાનગી/અનુદાનિત/સરકારી,શાળાનુ નામ....................................................................
3. શાળાનું સ્તર = માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક/કમ્પોઝીટ શાળાનો ડાયસ...........................................................................
4. શાળાનો ઇન્ટેક નંબર.........................................
5. શાળામાં ચાલતા પ્રવાહ, ૧ સામાન્ય પ્રવાહ.................૨. વિજ્ઞાન પ્રવાહ
   3. અન્ય પ્રવાહ ..............................................(નામ)
6. ધોરણ વાઇઝ નામાંકન (નામાંકન છેલ્લાડાયસ મુજબ) ૧ ધોરણ-૯ ................

   ધોરણ-૧૦............................

   ધોરણ-૧૧............................ધોરણ-૧૨.......................કુલ : નામાંકન.........................
7. શાળાનુ પોતાનુ મકાન છે?...................................................... .(હા કે ના )
8. શાળામાં કુલ કેટલા ઓરડા છે?............................................
9. શાળામાં અંતર્ગત કયો ટ્રેડ રાખવા માંગે છે?
   1.........................................2..............................................
10. વોકેશનલ ટ્રેડ માટે વધારોનો વપરાશમાં લઇ શકાય તેવી લેબ સેટઅપ અને પ્રેકટીકલ માટે કેટલા રૂમો છે? ..........(હા/ના)
11. જો હા હોય તો કેટલા રૂમો ઉપ્લબ્ધ છે?..................................
12. શાળામાં વોકેશનલ ટ્રેડ લેવા માટે ધોરણ-૯ માં..........................વિદ્યાર્થીઓનાવાલીઓએ સંમતિ આપી.
13. અનુદાનિત શાળા લેવા માંગતી હોય તો ટ્રસ્ટીમંડળ નો ઠરાવ સામેલ કરેલ છે......... (હા/ના)
    નોંધ : મંડળનો વોકેશન વિષય માટેનો કરવું ફરજિયાત છે. અન્યથા દરખાસ્ત સ્વિકારને પાત્ર રહેશે નહીં

તા:........................ આચાર્યશ્રીની સહી...........

સ્થળ: શાળાનો સ્ટેમ્પ

# વોકેશનલ એજ્યુકેશનની માહિતી (ડીઇઓશ્રી /શાળાઓ) માટે (બિડાણ-3)

ભારત સરકારના માનવ જૂથ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૬માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરે ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓમાં વ્યાવસાયિક સજ્જતા કેળવાય તેમજ વિદ્યાર્થીઓને જુદા જુદા ઓદ્યોગિક વિકલ્પોનો જીવંત તેમજ આભાસી કામગીરીનો અનુભવ તેમજ કૌશલ્ય વિકાસની તકો પ્રાપ્ત થાય તે હેતુથી RMSA અંતર્ગત વોકેશનલ વિષય દાખલ કરવામાં આવેલ.

વર્ષ ૨૦૨૧-૨૨ ની સ્થિતિએ રાજ્યની ૩૪૫ જેટલી સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વોકેશનલ એજ્યુકેશન કાર્યરત છે પરંતું National Education Policy-2020 (NEP) મુજબ વર્ષ 2025 સુધીમાં ૫૦ % વિદ્યાર્થીઓને વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત આવરી લેવાના થાય છે. આ માટે સમગ્ર શિક્ષા ફ્રેમવર્ક ૨૦૧૮ મુજબ જે શાળાઓમાં વોકેશનલ વિષય આપવા માટે માધ્યમિક શાળાઓમાં નામાંકનનો Criteria Project Approval Boardની મીટીંગમાં એપ્રાઇઝલ વખતે નામાંકનની વિગતો ધ્યાને લે છે.

૧. ધો ૯ માં ૪૦ થી ૭૯ સુધીનું નામાંકન છે. તેવી શાળાઓને ૧ વોકેશનલ વિષય

૨. ધો ૯ માં ૮૦ કે ૮૦ થી વધુ નામાંકન છે. તેવી શાળાઓને બે જુદા-જુદા ટ્રેડમાં વોકેશનલ વિષય દાખલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત PSSCIVE Bhopal દ્વારા આ સિવાય તૈયાર કરવામાં આવેલ કોર્સિસની યાદી પણ આ સાથે સામેલ છે.

(બિડાણ-૧)

ઉપરોક્ત યાદી પૈકી આપના જિલ્લાની ભૌગોલિક અને ઔદ્યોગિક વિષયોની / ક્ષેત્રોની જરૂરિયાત તેમજ ભાવિ કારકીર્દિને ધયાનમાં રાખીને આપના માધ્યમિક શાળાના આસપાસના વિસ્તારના બાળકોને ઉપયોગી થાય તેવા વિષયોની પસંદગી કરી આપના જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીને આપની શાળાના લેટરપેડ ઉપર વિદ્યાર્થીઓની યાદી પસંદગી કરેલ ટ્રેડની વિગતો સાથે રાજય કચેરી ગાંધીનગરને મોકલી આપશો. જેથી આગામી વર્ષના બજેટમાં આપની શાળાને વોકેશનલ વિષય આપી વિદ્યાર્થીઓના વોકેશનલ વિષયના માર્ગદર્શન માટે ટ્રેનર્સ, લેબસેટઅપ, માર્ગદર્શન અને શૈ.સાહિત્ય માટે માર્ગદર્શન અને સપોર્ટ પૂરો પાડી શકાય.

# વોકેશનલ એજયુકેશન સંદર્ભે શાળાની ભૂમિકા

સમગ્ર શિક્ષા અંતર્ગત જે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વોકેશનલ એજ્યુકેસન માટે દરખાસ્ત કરેલ હશે અને શિક્ષણ મંત્રાલય (MoE) દ્વારા શાળાની વોકેશનલ વિષયની દરખાસ્તને મંજુરી આપવામાં આવી હોય તે શાળા રાજ્ય કચેરી, સમગ્ર શિક્ષા દવારા શાળાના આચાર્યશ્રી/નોડલશ્રીને બે દિવસની તાલીમ આપવામાં આવશે. તેમજ આ માટે વિદ્યાર્થીઓને શાળામાં રહીને જ થીયરી તેમજ પ્રેકટીકલ વિષયનું શિક્ષણ અને અનુભવ પ્રાપ્ત કરવાનો છે. આ માટે તેઓએ માત્ર Industry Visit અને Internship માટે નજીકના વિસ્તારમાં જવાનું થશે. વોકેશનલ વિષય માટે જરૂરી પુસ્તકો, લેબ સેટઅપ, કાચી સામગ્રી, વોકેશનલ ટ્રેનર્સની સુવિધા માટેના તમામ ખર્ચની જોગવાઇ સમગ્ર શિક્ષા અંતર્ગત કરવામાં આવશે. જેથી વિદ્યાર્થીને વોકેશનલ માટે કોઇપણ પ્રકારનો આર્થિક ખર્ચ કરવાનો થતો નથી.

1. ધોરણ ૯થી ૧૨ ના વોકેસનલ વિષયના વિદ્યાર્થીઓના શિક્ષણ અને માર્ગદર્શન માટે એજન્સી મારફત વોકેસનલ ટ્રેનરની નિમણૂક કરવામાં આવશે
2. શાળામાં પસંદ કરેલ ટ્રેડના પ્રેક્ટિકલ માટે લેબ સેટ અપ કરવામાં આવશે.
3. વિદ્યાર્થીઓને વિનામુલ્યે વોકેસનલ વિષય ના પુસ્તકો પુરા પાડવામાં આવશે.
4. શાળાના વિદ્યાર્થીઓને કારકિર્દી અંતર્ગત માર્ગદર્શનની સુવિધા આપવામાં આવે છે.
5. વોકેશનલ અંતર્ગત ગેસ્ટ લેક્ચરર, ઇન્ડસ્ટ્રી વિઝીટ, ઇન્ટર્નશિપ અને Entrepreneurship અંતર્ગત માર્ગદશન આપવામાં આવશે.
6. ધોરણ -૧૦ અને ૧૨ માં વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા માટે આયોજન અને માર્ગદર્શન
7. વિદ્યાર્થીઓને પોતાના કૌશલ્યોના વિકાસ માટે જીવંત અનુભવોની પ્રવુત્તિઓ અને તકો
8. જિલ્લા અને રાજ્ય કચેરી દવારા સતત માર્ગદર્શન
9. સ્થાનિક કલા અને ઉધોગોની જરૂરિયાત ને પ્રોત્સાહન અને તેવા વોકેસનલ ટ્રેડની પસંદગી
10. સ્થાનિક સફળ વ્યવસાયકારોનુ પ્રેરક માર્ગદર્શન
11. કારકિર્દી માટે એસએસમેન્ટ અને શૈક્ષણિક સલાહકારો દ્વારા ઓનલાઇન માર્ગદર્શન
12. જિલ્લાના જુદા જુદા ઉધોગોનો પ્રવાસ અને વર્ચુઅલટુર

## વોકેશનલ એજ્યુકેશન વિષયની વિગતો (બિડાણ-૪)
## (શાળા અને વિદ્યાર્થીઓ માટે)

આ વિષય ધોરણ-૯ માં દાખલ કરવામાં આવેલ છે, જેમાં ધોરણ -૯ માં વધારાના વિષય તરીકે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ના (૨૦૧૭-૧૮) પત્ર મુજબ રાખવાનો થાય છે.

- ધોરણ ૧૦ માં જૂથ-૩ માં ભાષા જૂથ -૩ માં હિંદી અને સંસ્કૃત વિષયના વિકલ્પમાં આ વિષય પસંદ કરવાનો રહે છે.
- અહીં વોકેશનલ પ્રેક્ટિકલ વિષય હોવાથી ચિત્ર, કમ્પ્યુટર જેવા પ્રેક્ટિકલ વિષયો વિદ્યાર્થી રાખી શક્શે નહી.
- ધોરણ – ૯ માં વોકેશનલ વિષય રાખનાર વિદ્યાર્થીએ ધોરણ -૧૦માં પણ આ વિષય ફરજીયાત રાખવાનો રહે છે. જેથી વિદ્યાર્થીને NSQF – LEVEL-2 નુ Skill development નુ પ્રમાણપત્ર મળે છે. જે ITI ના Non-Technical ૬ માસના કોર્ષને સમકક્ષ થાય છે.
- ધોરણ -૧૧માં આર્ટ્સ અને કૉમસ ના વિદ્યાર્થીઓ લેવલ -૩ માં આ વિષય ચાલુ રાખી શકે છે. પરંતુ ચાલુ રાખનાર વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ માં પણ આ વિષય ચાલુ રાખવાનો રહે છે.
- ધોરણ -૧૨ માં આ વિષય માં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીને National Skill Qualification Framework (NSQF)- LEVEL-4 નું પ્રમાણ પત્ર મળે છે. જે ITI ના Non-Technical ૧ વર્ષના કોર્ષને સમકક્ષ થાય છે.
- વોકેશનલ વિષય રાખનાર વિદ્યાર્થીને કારકિર્દી માર્ગદર્શન અને ઇન્ટરશીપ અને પ્લેસમેન્ટ ની પણ તકો પુરી પાડવામાં આવે છે.
- સમગ્રશિક્ષા દ્વારા ઓનલાઇન અને ઓફ લાઇન શિક્ષણ ની સુવિધા આપવામાં આવે છે
- વોકેશનલ અંતર્ગત આ સ્કિલ તાલીમ વોકેશનલ ટ્રેનર્સ અને તજજ્ઞો દ્વારા આપવામાં આવતી હોવાથી વિદ્યાર્થીઓમાં ચોક્કસ સ્થાનિક ક્ષેત્ર ના વ્યવસાયોમાં સેટ થવા માટેની તકો રહેલી છે
- આપની શાળાના વિદ્યાર્થીઓ માટે વોકેશનલ વિષય પ્રસંદ કરી વિદ્યાર્થીની સ્કિલ ડેવલોપમેન્ટ ની પ્રક્રિયામાં સહભાગી બનશો.
- વોકેશનલ સબંધિત આપના પ્રશ્નો માટે રાજ્ય કચેરી ના 9898267389 પર સંપર્ક કરી વધુ વિગતો મેળવી શક્શો ...

આમ વોકેશનલ શાળાના આચાર્યશ્રી એ આ વિષયની પસંદગી કરે ત્યારે તેમને વોકેશનલ ટ્રેનરના સપોર્ટની નીચે મુજબની કામગીરી કરવાની થાય છે.

1. સર્વ પથમ વોકેસનલ ટ્રેનર દ્વારા ધોરણ- ૯ માં દાખલ થયેલ વિદ્યાર્થીઓ અને વાલી નુ વોકેસનલ વિષયનું કાઉન્સેલીંગ
2. વોકેસનલ વિષય પ્રસંદ કરેલ વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ અને મુલ્યાંકન તેમજ અન્ય આનુષંગિક માહિતી આપવી
3. વિદ્યાર્થીની હાજરી, અભ્યાસક્રમ મુજબ શિક્ષણ, પ્રેક્ટીકલ અને મુલ્યાંકન પ્રક્રિયા
4. જરૂરી માહિતી અને ગ્રાંટ માટેની ફાઇલો, પત્રકો અને હિસાબોની નોંધણી
5. સ્થાનિક ઔદ્યોગિક સંસ્થાઓ સાથે સંકલન
6. શાળામાં કેરીયર કોર્નર પ્રવુત્તિઓનુ આયોજન

# વોકેશનલ એજયુકેશન અંતર્ગત જોબરોલની યાદી (બિડાણ-૧)

| SECTOR | JOB ROLE WITH QP CODE FOR CLASS IX & X | JOB ROLE WITH QP CODE FOR CLASS XI & XII |
|---|---|---|
| Agriculture | Animal Health Worker (AGR/Q4804) | Dairy Farmer / Entrepreneur (AGR/Q4101) |
| | Dairy Worker (AGR/Q4102) | Floriculturist (Open Cultivation) (AGR/Q0701) |
| | Paddy Farmer (AGR/Q0101) | Floriculturist (Protected Cultivation) (AGR/Q0702) |
| | Solanaceous Crop Cultivator (AGR/Q0402) | Gardener (AGR/Q0801) |
| | Vermicompost Producer (AGR/Q1203) | Tuber Crop Cultivator (AGR/Q0403) |
| | Bamboo Grower (AGR/Q6101) | Dairy Farmer / Entrepreneur (AGR/Q4101) |
| | Citrus Fruit Grower (AGR/Q0303) | Organic Grower (AGR/Q1201) |
| | Mango Grower (AGR/Q0302) | Sericulturist (AGR/Q5201) |
| | Pulses Cultivator (AGR/Q0104) | Agriculture Machinery Operator (AGR/Q1103) |
| | Spice Crop Cultivator (AGR/Q0603) | Irrigation Service Technician (AGR/Q1104) |
| | | Microirrigation Technician (AGR/Q1002) |
| | | Small Poultry Farmer (AGR/Q4306) |
| | | Solar Pump Technician (AGR/Q6701) |
| | | Soil and Water Testing Lab Assistant (AGR/Q8102) |
| Apparels , Made ups & Home Furnishing | Hand Embroiderer (AMH/Q1001) | Self Employed Tailor (AMH/Q1947) |
| | Hand Embroiderer Addawala (AMH/Q1010) | Specialized Sewing Machine Operator (AMH/Q2301) |
| | Sewing Machine Operator (AMH/Q0301) | Embroidery Machine Operator (AMH/Q0801) |
| | | Assistant Fashion Designer (AMH/Q1210) |
| | | Export Assistant (AMH/Q1601) |
| | | Fabric Checker (AMH/Q0101) |
| | | In-line Checker (AMH/Q0102) |
| | | Packer (AMH/Q1407) |
| | | Store Keeper (AMH/Q0501) |
| Automotive | Automotive Service Technician L-3 (ASC/Q1401) | Automotive Service Technician L-4 (ASC/Q1402) |
| | | Auto Service Technician(Two and Three Wheeler) (ASC/Q1411) |
| Beauty & Wellness | Assistant Beauty Therapist (BWS/Q0101) | Beauty Therapist (BWS/Q0102) |
| | Assistant Beauty Wellness Consultant (BWS/Q4001) | Yoga Instructor (BWS/Q2201) |
| | Assistant Hair stylist (BWS/Q0201) | Hair Stylist (BWS/Q0202) |
| Banking, Financial Services & Insurance | Microfinance Executive(BSC/Q2401) | Business Correspondent & Business Facilitator (BSC/Q8401) |
| | | Mutual Fund Agent (BSC/Q3802) |

| | | |
|---|---|---|
| Construction | Assistant Mason (CON/Q0102) | Mason General (CON/Q0103) |
| | | Construction Painter and Decorator (CON/QP0503) |
| Electronics | | Wireman Control Panel (ELE/Q7302) |
| Electronics | Field Technician-Other Home Appliances (ELE/Q3104) | Field Technician Washing Machine (ELE/Q3106) |
| | | Field Technician - Air Conditioner (ELE/Q3102) |
| | | Field Technician Refrigerator (ELE/Q3103) |
| | | Installation Technician Computing and Peripherals (ELE/Q4609) |
| Food Processing | | Field Technician Computing and Peripherals (ELE/Q4601) |
| | Baking Technician (FIC/Q5005) | Jam, Jelly and Ketchup Processing Technician (FIC/Q0103) |
| | | Fruit Pulp Processing Technician (FIC/Q0106) |
| Healthcare | | Craft Baker (FIC/Q5002) |
| | Home Health Aide (HSS/Q5102) | Frontline Health Worker (HSS/Q8601) |
| | Diet Assistant (HSS/Q5201) | Diet Assistant (HSS/Q5201) |
| | | General Duty Assistant (HSS/Q5101) |
| IT/ITeS | | Vision Technician (HSS/Q3001) |
| | Domestic Data Entry Operator (SSC/Q2212) | |
| | | CRM Domestic Voice (SSC/Q2210) |
| | | Domestic Biometric Data Operator (SSC/Q2213) |
| Retail | | Junior Software Developer (SSC/Q0508) |
| | Cashier (RAS/Q0102) | Trainee Associate (RAS/Q0103) |
| | Store Operations Assistant (RAS/Q0101) | Individual Sales Professional (RAS/Q0201) |
| | | Distributor Salesman (RAS/Q0604) |
| | | Sales Associate (RAS/Q0104) |
| | | Digital Cataloguer (RAS/Q0302) |
| Physical Education | | Seller Activation Executive (RAS/Q0301) |
| | Early Years Physical Activity Facilitator (SPF/Q4004) | Fitness Trainer (SPF/Q1102) |
| | | |
| Plumbing | | Primary Years Physical Activity Facilitator (SPF/Q4005) |
| Power | Plumber General (PSC/Q0104) | Plumber General II (PSC/Q0110) |
| | Consumer Energy Meter Technician (PSS/Q0107) | Distribution Lineman (PSS/Q0102) |
| | | |
| Private Security | Unarmed Security Guard (MEPQ/7101) | Cable Jointer Electrical Power system (PSS/Q1002) |

| | | |
|---|---|---|
| Telecom | Optical Fiber Splicer (TEL/Q6400) | Optical Fiber Technician (TEL/Q6401) |
| Tourism and Hospitality | Housekeeping Attendant- Manual Cleaning (THC/Q0203) | Tour Guide (THC/Q4502) |
| | | Front Office Associate |
| | | Customer Service Executive (Meet & Greet) |
| | | Room Attendant (THC/Q0202) |
| | | Heritage Tour Guide (THC/Q4501) |
| | | Food and Beverage Service - Steward (THC/Q0301) |
| | | Guest House Caretaker (THC /Q0501) |
| Food and Beverage Service Trainee (THC/Q0307) | Counter Sales Executive (THC/Q2903) | |
| Transportation Logistics and Warehouse | Warehouse Binner (LSC/Q2105) | Documentation Assistant (LSC/Q1122) |
| | Consignment Tracking Executive | Warehouse Quality Checker (LSC/Q2313) |
| | | Courier Delivery Executive (LSCQ3023) |
| | | Courier Sorter (LSCQ3026) |
| | | Courier Pick Up Executive (LSCQ3024) |
| | Receiving_Assistant (LSC/Q2112) | Shipment Query Handler (LSC/Q3031) |
| Media & Entertainment | | Texturing Artist(MES/Q2503) |
| | Story Board Artist (MES/Q0507) | Roto Artist (MES/Q3504) |
| Multi skilling | Multi Skill Technician Course (NA) | Multi Skill Technician Course (NA) |